ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# પશુપાલન ક્ષેત્ર પ્રત્યેની નિષ્ઠાએ જેઠાભાઈને ડેરી જગતમાં ઉડાન આપી

## પાન-કરિયાણાની દુકાન ચલાવતા જેઠાભાઈ આકરા સંઘર્ષના અંતે સ્ટેટ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના ચેરમેન પદે પહોંચ્યા છે : સાલસ-નિખાલસ જેઠાભાઈ કહે છે 'મેં કયારેય સ્વપ્રેય વિચાર્યું ન હતું કે હું આટલી મોટી જવાબદારી નિભાવીશ'

ગાંધીનગર, તા.૨૬

પાનનો ગલ્લો અને કરિયાણાની દુકાન ચલાવી નાની ઉંમરથી પરિવાર માટે સંઘર્ષ કરતા જામળાના વતની જેઠાભાઈ પટેલ શાળા છોડી ઢોર ચરાવવા નીકળી જતા હતા. જેના લીધે ભણતર છુટી ગયું પરંતુ વારસાગત રીતે મળેલા પશુપાલકના ગુણ અને દૂધનો ધંધો કરી અન્યને મદદ કરવાની ભાવના સાથે અનુભવોને આધારે મળેલા ગણતરે તેમને એક અનોખી ઉંચાઈએ લાવીને મુકી દીધા. જામળા ગામની ડેરીમાં ચેરમેન બનેલા જેઠાભાઈ આજે ગુજરાત સ્ટેટ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનન ચેરમેન પદે છે. અમુલ સહીત રાજયની ૧૯ ડેરીઓના વડા તરીકેની મહત્વની જવાબદારી નિભાવી રહ્યા છે. સાલસ, નિખાલસ અને ડાઉન ટુ અર્થ વ્યકિતત્વ ધરાવતા જેઠાભાઈ કહે છે 'મેં કયારેય સ્વપ્રેય વિચાર્યું ન હતું કે હું આટલી મોટી જવાબદારી નિભાવીશ.' તેઓ આજે પણ સવારે પોતાના તબેલામાં દોઢ કલાક ગાયોની સેવા કરે છે. ગાય-ભેંસોની જાતે સફાઈ કરી દૂધ દોહવાનું કામ કરે છે. તેમણે શિક્ષિત યુવાનો અને મહિલાઓને આત્મનિર્ભર બનાવવાનું ઉમદા કામ કર્યું છે. પરંતુ જીવન ઘડતરમાં પુરતું ભણતર ન લીધું હોવાની વાત આજે પણ તેમને વ્યથિત કરી જાય છે. તેમના મતે આજની પેઢી પશુપાલનના ક્ષેત્રથી વિમુખ થતી જાય છે ત્યારે ગાયો રાખીને દૂધનો ધંધો કરવાનું કામ સહર્ષ અપનાવી લેવા પણ તેમણે મેસેજ આપ્યો છે. સમાજે પણ પશુપાલન ક્ષેત્રે સંકળાયેલા યુવાનો માટે સામાજિક દ્રષ્ટિએ વધુ હકારાત્મક અભિગમ કેળવવો જોઈએ.



### આજે પણ ૨૫ પશુઓની ચાકરી કરે છે

ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના ચેરમેન બન્યા પછી પણ જેઠાભાઈ પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. જેઠાભાઈને ઘરે તબેલામાં ૧૫ ગાય અને ૧૦ વાછરડા સહિત કુલ ૨૫ પશુઓનું વાશીદુ આજે પણ તેઓ એકઠું કરે છે. પશુઓને સમયસર ઘાસ અને પાણી આપવાનું કાર્ય પણ તેઓ જ કરે છે. હાલના સમયમાં પંચાયતના સરપંચ બન્યા પછી લોકોના પગ જમીન ઉપર રહેતા નથી ત્યારે જેઠાભાઈ એક સાદગીની મિશાલ પુરી પાડે છે.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરથી દસેક કિમીના અંતરે આવેલા નાનકડા જામળા ગામે પટેલ પરિવારમાં જેઠાભાઈ પટેલનો ૧૯૬૪માં જન્મ થયો હતો. નાનપણથી જ પોતાના પિતાના સંયુકત કુટુંબમાં ઉછરેલા જેઠાભાઈ ધોરણ પાંચથી જ વારસાગત ખેતી અને પશુપાલકના વ્યવસાયમાં જોડાઈ ગયા હતા. શાળામાંથી છુટી ભેંસો ચરાવવા અને ખેતરમાં પિતાની મદદે દોડી જતા હતા. નાનપણથી જ પશુપાલન અને ખેતી સાથે જોડાયેલા જેઠાભાઈ ધોરણ-૧૦ પછી ગામમાં પાનનો ગલ્લો ખોલી પોતાનો બિઝનેસ શરૂ કર્યો હતો.

ધીમે ધીમે પાનના ગલ્લામાં સફળતા મળતા પાનના ગલ્લાની સાથે ગામમાં જ કરિયાણાની દુકાન કરી ટુંક જ સમયમાં તેમાં પણ સફળતા મળતી ગઈ એક પછી એક સફળતાની સીડી ચઢતા જેઠાભાઈના પરિવારજનોએ ૧૯૮૪માં જયોત્સનાબેન સાથે જેઠાભાઈના લગ્ન કરાવી બંનેને લગ્નગ્રંથીથી જોડી દીધા હતા. જેઠાભાઈને પત્નીનો સાથ મળતા તેમની તાકાત અને હિંમતમાં પણ એક નવો જોમ અને જુસ્સો વધવા લાગ્યો.

૧૯૯૦માં પશુપાલક જેઠાભાઈ એ સૌ પ્રથમ જામળા

● અનુસંધાન પાન-૭ પર

### પશુપાલનથી મહિને એક લાખની આવક

ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના ચેરમેન જેઠાભાઈ પટેલ આજે પણ પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે અને દર મહિને રૂ. એક લાખની આવક દૂધ મંડળીમાં દૂધ ભરાવીને મેળવે છે તેઓ કહે છે કે પશુપાલનનો વ્યવસાય કરવાથી સ્વમાન ભેર જીવન જીવી શકીએ છીએ.

### સફળતા પાછળ જ્યોત્સનાબેનનો સાથ-સહકાર પણ મહત્વનો

પશુપાલન અને દૂધ વ્યવસાય સાથે સંકળાયેલા જેઠાભાઈ સ્થાનિક ડેરીમાં દૂધ ભરતા આજે રાજ્યની ૧૯ ડેરીઓના ચેરમેન બની ગયા છે. તેમની આ સફળતા માટે તેમની પત્ની જ્યોત્સનાબેનનો સાથ-સહકાર પણ અત્યંત મહત્વનો છે. ખેતી અને પશુઓની માવજત સહીતના કામોમાં તેમની પત્નીએ તેમની સાથે ખભેખભો મિલાવી કામ કર્યું છે. જ્યોત્સનાબેન પણ જેઠાભાઈની મહેનતુ અને સાદગીસભર કામગીરીથી પ્રભાવિત છે.



# સે. ૨૨ ના જૈન દેરાસર ખાતે ભગવાન મહાવીર સ્વામીની જન્મ જયંતિ ભાવપૂર્વક ઉજવાઈ

## ભગવાનની મૂર્તિને ભવ્ય આંગીથી શણગારવામાં આવી : તમામ ૧૪ સોપાનનો ચઢાવો બોલાવાયો : મોટી સંખ્યામાં જૈન શ્રદ્ધાળુઓ ઉત્સવમાં જોડાયા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં આજે સે. ૨૨માં આવેલ જૈન દેરાસર ખાતે ભગવાન મહાવીર સ્વામીની જન્મ જયંતિની ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. બપોરે બે વાગે યોજાયેલ આ જન્મોત્સવમાં ૧૪ સોપાનનો ચઢાવો બોલાવવામાં આવ્યો હતો અને ત્યારબાદ ભગવાન મહાવીરની જન્મકથાનું વાંચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દેરાસરમાં ભગવાનની મૂર્તિને સુંદર આંગી દ્વારા શણગારવામાં આવી હતી.

હાલ પર્યુષણ મહાપર્વ ચાલી રહ્યું છે અને જૈન શ્રદ્ધાળુઓ માટે આ પર્વ તપ અને ભક્તિનું પર્વ છે. આ પર્વ દરમિયાન આજે મહાવીર સ્વામી ભગવાનના જન્મ દિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. આજે બપોરે સે. ૨૨ના શ્વેતાંબર જૈન દેરાસર ખાતે યોજાયેલ જન્મ જયંતિ અંગેની ઉજવણીમાં નગરના તમામ શ્વેતાંબર જૈન શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો. આ મંદિર પરિસરમાં આવેલ હોલ ખીચોખીચ ભરાઈ ગયો હતો અને ઘણા ભાવિકોને હોલની બહાર ઉભા રહેવાની ફરજ પડી હતી.

આ ઉજવણીમાં પહેલા ભગવાન મહાવીર સ્વામીના જન્મ સયે તેમની માતા ત્રિશલા દેવીને આવેલ સ્વપ્રમાં દેખાયેલ ચિહ્નો જેને ૧૪ સોપાન કહેવામાં આવે છે. તેનો ચઢાવો બોલવામાં આવ્યો હતો.



● અનુસંધાન પાન-૭ પર

# સે. ૨૭ના ખંડેર રંગમંચનું રીનોવેશન કામ શરૂ કરાયું

## કમ્પાઉન્ડ વોલ અને ટોઈલેટ બ્લોક પણ નવા બનશે

ગાંધીનગર, તા. ૨૬

સે. ૨૭ના રંગમંચને કંગાળ હાલતમાંથી ઉગારવા તંત્ર દ્વારા આખરે રીનોવેશનની કામગીરી શરૂ કરી દેવાઈ છે. રંગમંચમાં સફાઈ ઉપરાંત કમ્પાઉન્ડ વોલ તેમજ ટોઈલેટ બ્લોકના રીનોવેશન પાછળ અંદાજિત રૂ. ૭ લાખનો ખર્ચ કરવામાં આવશે.

શહેરના સેક્ટરોમાં સ્થિત રંગમંચો જાળવણીના અભાવે ખંડેર બન્યા છે. દાયકાઓના અંતે ખંડેર બનતા રંગમંચોના ઉપયોગનો હેતુ વિસરાયો છે. હાલ મોટાભાગના રંગમંચો બિનઉપયોગી હાલતમાં છે. વર્ષોના અંતે રંગમંચમાં પાયાની સુવિધાઓ પણ ઉપલબ્ધ નથી. સે. ૨૭ના રંગમંચની હાલત પણ બદતર હોવાનું પ્રકાશમાં આવ્યા બાદ તંત્ર દ્વારા રંગમંચના રીનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના અંતે રંગમંચની ફરતે કમ્પાઉન્ડ હોલ બાંધવાનુ કામ પણ પૂર્ણ કરવામાં આવશે. આ ઉપરાંત ગંદકીયુક્ત બનેલા રંગમંચની સફાઈ હાથ ધરાશે જ્યારે ટોઈલેટ બ્લોકના રીનોવેશનની કામગીરી પણ હાથ ધરાશે. રંગમંચમાં ઈલેક્ટ્રીફીકેશનની હાલત પણ બદતર અને ભયજનક હોવાનુ સ્પષ્ટ થયુ છે. આ મામલે પાટનગર યોજના ભવન દ્વારા ઈલેક્ટ્રીક વિભાગને જાણ કરવામાં આવી છે. જેના અંતે તુટી ગયેલા ઈલેક્ટ્રીક બોર્ડનું કામ પણ હાથ ધરવામાં આવશે.

# વિટકોસની ચાંદખેડા રૂટની બસ હવે વાયા ખ રોડ થઈને દોડશે

## અત્યાર સુધી મુસાફરોએ યુ-ટર્ન કરી ઊંધા જવું પડતુ હતું : માંગણી સંતોષાતા રહીશોમાં હર્ષની લાગણી

ગાંધીનગર, તા. ૨૬

વિટકોસ શહેરી બસ સેવાની ચાંદખેડા રૂટની બસો વાયા 'ગ' અને 'ખ' માર્ગે થઈને દોડશે. જેના પરિણામે નવ વિકસિત વિસ્તારના રહીશોની લાંબા સમયની માંગણીનો અંત આવ્યો છે.

વિટકોસની ચાંદખેડા રૂટની બસો અત્યાર સુધી વાયા 'ઘ' અને 'ચ' માર્ગના રૂટ પર દોડતી હતી. જેના પરિણામે 'ખ' અને 'ગ' માર્ગ આસપાસના સેક્ટરોના રહીશોમાં પ્રબળ અસંતોષ પ્રવર્તતો હતો. આ અંગે સે. ૫ ના અગ્રણી અશ્વિન જાટીયાએ જિલ્લા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર તેમજ વિટકોસના સંચાલકોને ગત જૂન મહિનામાં રજૂઆત કરવામાં આવી હતી. જેના અંતે વિટકોસની પથિકાશ્રમથી ચાંદખેડા રૂટની બસ હવે વાયા 'ખ' રોડ પર થઈને દોડાવવા નિર્ણય લેવાયો છે. જેમાં સવારે ૭.૨૦ કલાકથી ચાંદખેડાની બસ ઘ-૩ થી ઉપડી 'ગ'-૩, ખ-૩, ખ-૨ અને ખ-રોડ થઈ ખ-૧ સરગાસણ ખ-થઈ અને એસ.જી. રોડથી અડાલજ-ચાંદખેડા જશે. જ્યારે પથિકાશ્રમથી ઉપડ્યા બાદ અંદાજે ૧૦ મિનિટ બાદ સે. ૪ ના પાટીયા ખ-દોઢ થઈને ચાંદખેડાના રૂટ પર બસ દોડશે. અત્યાર સુધી મુસાફરોને આ બસસેવા માટે ઉંધા રૂટમાં જવું પડતું હતુ. મુસાફરોની હાલાકીનો અંત આવતા હર્ષની લાગણી વ્યાપી છે.



કલ્ચરલ સ્કૂલ ઓફ એક્ટીંગ - એક્ટીંગ સ્કૂલના અભ્યાસક્રમ અન્વયે વિડિયો કેમેરા સામે કેવી રીતે અભિનયને અસરકારક બનાવવો તેની તાલીમ અપાઈ હતી. વિડિયો કેમેરા અદ્યતન સાધનો સાથે અસરકારક અભિનય માટે સજ્જતા શીખવવા યોજાયેલા આ વિશેષ અભ્યાસ સત્રમાં વિદ્યાર્થીઓએ ઉંડો રસ દાખવ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

### ખૂણે... ...ખાંચરેથી

- રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ શ્રી આર. બાલકૃષ્ણનન્ ગાંધીનગરના અતિથિ બન્યા હતા.
- સે. ૭ ના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ભરવાડની નિયુક્તીને આજે એક વર્ષ પૂર્ણ થતાં તેમના સ્નેહીઓ સાથે ભોજન સમારોહનું આયોજન કર્યું હતું.
- આંધ્રપ્રદેશના વિજયવાડા કોર્પોરેશનના કાઉન્સીલરોએ આજે ગાંધીનગર મનપાના કાઉન્સીલરો સાથે બેઠક કરી હતી.
- ગાંધીનગર તાલુકાના દહેગામ ખાતેના સેવાસદન બાદ હવે કલોલનું સેવાસદન નિર્માણ માટેની દરખાસ્ત તૈયાર કરવાની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.
- ગાંધીનગર સિવિલના તબીબી અધિકારી શ્રી કલ્પેશ શાહના માતુશ્રીનુ આજે દુ:ખદ અવસાન થવા પામ્યું છે.

# ગણેશોત્સવમાં ગણેશજીની મૂર્તિ કુદરતી માટીમાંથી બનાવવા અને કુદરતી રંગનો જ ઉપયોગ કરવા અપીલ

ગાંધીનગર, તા. ૨૬

સમગ્ર દેશમાં ગણેશ ચતુર્થીનો ઉત્સવ અત્યંત શ્રદ્ધાપૂર્વક ઉજવાય છે. આપણા રાજ્યમાં ગણેશ ચતુર્થી નિમિત્તે ગણેશોત્સવની ઉજવણી પણ ખૂબ જ ધામધૂમપૂર્વક એકથી વધારે દિવસો દરમિયાન કરવામાં આવે છે. આ અવસરે શ્રી ગણેશજીની શ્રદ્ધાપૂર્વક પધરામણી કરીને નિશ્ચિત સમયે ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવે છે. ગણેશ ઉત્સવને અનુલક્ષીને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ગણેશજીની મૂર્તિના વિસર્જનથી થતી પર્યાવરણીય મુશ્કેલીઓના નિવારણ અર્થે માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે.

તદ્અનુસાર આપણે ગણેશજીની મૂર્તિ કુદરતી માટીમાંથી જ બનાવીએ અને આ મૂર્તિમાં માત્ર કુદરતી રંગનો જ ઉપયોગ કરીએ કારણ કે મૂર્તિનું વિસર્જન જ્યારે જળાશયોમાં કરવામાં આવે છે ત્યારે રસાયણવાળી અકુદરતી માટી જળાશયોના તળીયે જમા થાય છે જે જળસૃષ્ટિમાં આવેલ જળચર અને જલજ વનસ્પતિને ભારે નુકશાન પહોંચાડે છે. આ પાણી જમીનમાં નીચે ઉતરીને ભૂગર્ભ જળને પણ નુકશાન કરે છે. કારણ કે તેમાં રહેલ ધાતુ તત્વો તથા ઝેરી રસાયણો પોતાની લાંબાગાળાની અસર મનુષ્ય અને અન્ય જીવસૃષ્ટિ આ પાણીનો ઉપયોગ કરનાર પર કરે છે.

ગણેશ મહોત્સવ દરમિયાન પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિઓ નદી-તળાવોમાં વિસર્જિત નહીં કરવા પણ સુત્રો દ્વારા તાકીદ કરવામાં આવી છે. વધુમાં મૂર્તિનું કદ ખૂબ જ વધારવાથી આપણી શ્રદ્ધા મોટી થતી નથી. જરૂર છે આપણી શ્રદ્ધાને મોટી રાખવાની. આથી શ્રદ્ધા રાખીએ મોટી અને મૂર્તિની સાઈઝ રાખીએ નાની.

જળસૃષ્ટિ અને મનુષ્ય સૃષ્ટિના રક્ષણ અર્થે પ્રદૂષણ અટકાવવા ગણેશોત્સવ દરમિયાન આપણે આ પ્રયત્નને સફળ બનાવીએ તેમ ગુજરાત પ્રદૂષણ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

# આજે દિલ્હી ખાતે વાયબ્રન્ટ સમિટની પૂર્વ ભૂમિકા આપવા ઉદ્યોગકારો સાથે બેઠક

ગાંધીનગર, તા.૨૬

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ બુધવાર, તા.૨૭ ઓગસ્ટ-૨૦૧૪ના વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૫ની પૂર્વભૂમિકા આપવા નવી દિલ્હીમાં દેશ-વિદેશના રાજદૂતો, વિદેશી પૂંજીનિવેશકો તથા -તિષ્ઠિત દ્યોગ ગૃહોના સંચાલકોને -ત્યક્ષ મળશે અને બેઠકોનો દૌર કરશે.

ગુજરાતના વેપાર-ઉદ્યોગ કૌશલ્યની આગવી ઓળખ બની ગયેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટની-૨૦૦૩થી દર

● અનુસંધાન પાન-૭ પર

### બેસણું




અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે મારા પુત્ર **સ્વ. હરીશકુમાર રામજીભાઈ મકવાણા**નું તા. ૨૩/૮/૨૦૧૪ને શનિવારના રોજ અવસાન થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૨૮/૮/૨૦૧૪ને ગુરૂવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૧૪૦૭/૧, સેક્ટર-૨બી, ગાંધીનગર. મો. : ૯૯૭૪૩૭૨૭૩૮**

લિ.

વિશાલભાઈ રામજીભાઈ મકવાણા
પ્રશાંતભાઈ રામજીભાઈ મકવાણા
ચંદ્રકાન્ત રામજીભાઈ મકવાણા
અરૂણભાઈ રામજીભાઈ મકવાણા
છગનભાઈ ધનજીભાઈ મકવાણા
ખેમજીભાઈ કરશભાઈ મકવાણા
ભાનુભાઈ ધનજીભાઈ મકવાણા
મનુભાઈ ધનજીભાઈ મકવાણા
નરસીભાઈ મકવાણા

### દિગમ્બર જૈન બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી **બ્રહ્મચારી મણીભાઈ પી. શાહ** તા.૨૪-૮-૨૦૧૪ના રોજ દેહ પરીત્યાગ કર્યો છે. **સદ્ગતની પ્રાર્થનાસભા તા.૨૮-૦૮-૨૦૧૪ના રોજ સવારે ૮:૩૦ થી ૧૦:૩૦ દરમ્યાન** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : દિગમ્બર જૈન સમાજવાડી, એમ.એલ.એ. કવાર્ટરની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર**

દેશવ્રતી પ્રફુલ્લાબેન એમ. શાહ

ડો.ભાવિક શાહ (પુત્ર-U.K.)
ડો.પારૂલ શાહ (પુત્રવધુ)
નિતીકા અરવિંદ શાહ (પુત્રી)
પૌત્ર- મીત, જીત, લક્ષ, જય
આશીષ શાહ (પુત્ર-મુંબઈ)
અનીતા શાહ (પુત્રવધુ)
મમતા મૌનેષ શાહ (પુત્રી)
પૌત્રી- રીન્ની, જલક, પલક, આશીકા

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
VINAYAK500
TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com